બે ભાઈ હતા.

મોટો અડુકિયો.

નાનો દડુકિયો.



જમે છે, રમે છે અને મજા કરે છે. પોતાના સરખેસરખા ભાઈબંધો એકઠા થાય છે. શાળામાં ભણવા જાય છે. ગુરુજી જે શીખવે તે પાકું કરી લે છે. તે પછી કસરત કરવા અખાડામાં જવાનું. ત્યાં યોગનાં આસન શીખવાનાં. પછી રમતો રમવાની હતી. એમાં તો ભારે મજા પડતી હતી.

ઘણા ઘણા ભાઈબંધો એકઠા થતા હતા. બધા હેતથી રમે છે અને મોજ કરે છે.

ના કોઈ લડે કે ના કોઈ રિસાય. સાચી વાત હોય તો બધા માની લે.

ચોમાસું પૂરું થયું.

ભાદરવો મહિનો પૂરો થયો અને આસો માસ આવી ગયો. દિવાળી ઊજવવાની તૈયારી થવા માંડી. દોડાદોડ કુંભારને ઘેર ગયા.

અડુકિયો કહેઃ કુંભારકાકા, એક ટોપલો ભરીને માટીનાં કોડિયાં મને આપો.

દડુકિયો કહેઃ અને એટલાં જ કોડિયાં મને પણ આપો.

કુંભાર કહેઃ એટલાં બધાં કોડિયાંને શું કરશો?

અડુકિયો કહેઃ એ કોડિયાંમાં દિવાળીના દીવા કરીશું. કોડિયાંમાં તેલ પૂરીશું. એમાં રૂની દિવેટ મૂકીશું. તેના દીવા સળગાવીશું. કોડિયાંમાં દીવા ગોઠવીને નવા નવા આકાર બનાવીશું.

દડુકિયો કહેઃ એવા એવા આકાર બનાવીશું કે આખું ગામ ઝગમગી ઊઠશે.

બે ટોપલા ભરી માટીનાં કોડિયાં લઈ આવ્યા. લઈને માંડ્યા ગોઠવવા. ભાઈબંધો પણ આવી ગયા.કોડિયાં ગોઠવીને કોઈએ કમાન બનાવી. કોઈ ભાઈબંધે સૂરજ અને ચાંદાના આકાર ગોઠવી દીધા બારણાં પર તોરણનો ઘાટ બની ગયો. ઘરની બહારની ભીંતો ઉપર જુદા જુદા આકાર ગોઠવી દીધા. દિવાળીના દીવા તો માટીનાં કોડિયામાં જ કરવા જોઈએ.



તેથી માટીનાં કોડિયાંમાં તેલ ભરે અને તેમાં રૂની દિવેટ મૂકે.

તે સમયે સિમેન્ટ પણ નહોતો આવેલો. એટલે

માટીની ભીંતો ચણીને ઘર બાંધતા હતા. માટીની ભીંતોમાં ખીલીઓ ખોડી દેતા. એવી બે ખીલી ઉપર દીવાનું કોડિયું મૂકી દેતા.

એ માટે લાકડાની ખીલીઓ બનાવી હતી. બે ખીલી વચ્ચે દીવામાં કોડિયા મૂકી દીધાં હતાં.

દિવાળીનો દિવસ આવી ગયો. બધાં વહેલા જાગી ગયાં. નાહીધોઈ લીધું. નવાં નવાં કપડાં પહેરી લીધાં. પોતપોતાના ભાઈબંધોની ટોળીઓ એકઠી થઈ ગઈ. આખો દિવસ આનંદમાં પૂરો થયો.

સૂરજ આથમી ગયો.

શેરીએ શેરીએ અને ઘેરેઘેર દિવાળીના દીવા સળગાવી દીધા.

અડુકિયો અને દડુકિયોને ઘેર તો દીવાનો ઝગમગાટ ચમકી ગયો.

હવે દીવાનું એક કોડિયું અડુકિયાએ હાથમાં લીધું. બીજું દડુકિયાએ લીધું. બીજા ભાઈબંધોએ પણ દીવાના કોડિયા હાથમાં લઈ લીધાં અને ગોળાકાર કુંડાળું બનાવી દીધું. બધાં ગોળ ગોળ ફરે છે અને ગાય છે. જાણે દિવાળીનો દીવારાસ ગવાય છે.

એકદમ દડુકિયો કુંડાળાની વચમાં આવી ગયો અને ગોળ ગોલ દીવો ફેરવીને કહેઃ

*આ દીવો કોનો?*

બીજા બધા બોલી ઊઠ્યાઃ

*એ દીવો મામાનો.*

અડુકિયો કહેઃ

*મામાનું ઘર કેટલે?*

બધા ગાય છેઃ

દીવા બળે એટલે.

•

દીવા તો ભરપૂર છે,
મામાનું ઘર દૂર છે.

•

દીવા, દીવા, દીવા આજ,
મામા બેઠા કરતા રાજ.

•

ઝગમગ દીવા તેજ તેજ,
મામાને મખમલની સેજ.

•

મામા બેઠા ઝૂલે,



*મામી બેઠાં ફૂલે,*
*મામાનું ઘર કેટલે?*
*દીવા બળે એટલે.*

•

*મામાને ઘેર ગાડી છે,*
*મામી તો ભૈ, બાડી છે,*
*મામાને વહાલા ભાણા છે,*
*મામી આખે કાણાં છે.*

•

*મામીને ચડી રીસ,*
*લાડુ ખાધા વીસ.*
*પેટમાં લાડુ ધૂમાધૂમ,*
*મામી રડતાં બૂમાબૂમ.*

•

*બૂમ પાડતાં ખસી ગયાં,*
*દીવો જોતાં હસી ગયાં.*

•

આમ ગીત ગાય છે અને બધાં બાળકો ફેરફૂદરડી ફરે છે. એમ ઘણાં ગીત ગાયાં.

ગીતો ગાઈને થાકી ગયાં.

ભારે મજા પડી.

એમ કરતાં અડધી રાત વીતી ગળ. પછી બધાં છોકરાં પોતાને ઘેર ગયાં. એવી મીઠી ઊંઘ આવી કે બસ, સવાર થાય અને સૂરજ

ઊગે તે પહેલાં જાગી ગયાં. હવે તો બેસતા વરસનું નવું સવાર આવી ગયું. ઝટ ઝટ તૈયાર થઈ ગયા. નવા દીવા સળગાવી દીધા. ફટાકડાના ધૂમધડાકા બોલાવી દીધાં.

નવા વરસના સવારમાં સૂરજદાદા ઊગી ગયા. સોનેરી કિરણોથી બધાંને નવરાવી દીધાં પછી તો નવા વરસના આશિષ લેવા સૌ પહેલાં માબાપને પગે લાગવું જોઈએ. તે પછી આડોશી, પાડોશી, ભાઈબંધો અને જે સામે મળે તે બધાંને હેતથી નવા વરસનાં અભિનંદન આપતા આતા ઘેર ઘેર જઈ આવ્યા.

દિવાળી ગઈ. નવા વરસનો દિવસ ગયો.

હવે આવી ભાઈબીજ.

બહેનોને તો ભાઈ ઘણા ઘણા વહાલા હોય. ભાઈબીજને દિવસે ભાઈને બહેન હેતથી જમાડે.

દડુકિયો કહેઃ ભાઈ અડુકિયા! આપણે બહેન નથી. બહેન હોત તો નવાં નવાં કપડાં પહેરત. દોડતી આપણી પાસે આવત. આપણને પાટલે બેસાડત. મીઠાં મીઠાં ભોજન જમાડત.


આ વાત સાંભળી કે અડુકિયો બોલી ઊઠ્યોઃ અલ્યા હા, એ વાત તો આપણે ભૂલી જ ગયા. ગઈ દિવાળીએ આપણે ચાંદનગર મામાને ઘેર ગયા હતા ને?

દડુકિયો કહેઃ ઓહો! લે, આપણેય કેવા ભુલકણા છીએ. એ વાત તો ભૂલી જ ગયા. આપણા મામાની દીકરી મેના તો આપણી બહેન જ ગણાય ને?

અડુકિયો કહેઃ અલ્યા હા, તે સમયની ભાઈબીજ આપણે ચાંદનગરમાં જ કરી હતી.

દડુકિયો કહેઃ તે સમયે મેનાબહેને આપણને ઘણા ઘણા હેતથી જમાડેલા.

અડુકિયો કહેઃ પછી મેનાબહેને આપણને આશિષ આપેલી કે તમે મારા બેઉ ભઈલા એક એક હજાર વરસના થજો.



દડુકિયો કહેઃ અને આપણે પાછા ઘેર જવા નીકળેલા ત્યારેય મેનાબહેને કહેલું કે હવે પહેલો મહિનો કારતક જશે. પછી બીજો મહિનો માગશર જશે. તે પછી ત્રીજો મહિનો પોષ માસ આવશે. ત્યારે પોષીપૂનમને દિવસે પાછા અહીં આવી જજો. પોષ મહિનાની પૂનમને પોષીપૂનમ કહેવાય છે. તે દિવસે બહેન આખો દિવસ ભૂખી રહે છે. પાણી પણ નથી પીતી, તે અપવાસ કહેવાય. એવો અપવાસ કરે તો બહેનના ભાઈને ઘણું ઘણું સુખ મળે. પોષીપૂનમની રાતે ચાંદામામા ઊગે. રૂપાની થાળી જેવા દેખાય. તે ચાંદા મામાને બહેન પગે લાગે. પછી મીઠાઈનો થાળ લાવીને ભાઈ આગળ મૂકે અને પૂછે કે, ભાઈની બહેન રમે કે જમે?

અડુકિયો કહેઃ અને જો ભાઈ બોલી જાય કે રમે. તો બહેન કશું ખાય નહીં અને પીએ પણ નહીં.

દડુકિયો કહેઃ અને ભાઈ કહે કે, જમે. તો ભાઈ અને બહેન સાથે બેસીને જમે.

અડુકિયો કહેઃ તો આ પોષીપૂનમને દિવસે આપણે ચાંદનગરમાં મામાને ઘેર જઈશું. દે તાલી.

આ વાતથી બેઉ ભાઈને ઘણો આનંદ થયો.

દિવસોને જતાં વાર લાગતી નથી.


કારતક ગયો, માગશર ગયો અને પોષ મહિનાની આઠમ આવી.

દડુકિયાએ અડુકિયાને વાત કહી, કે હવે આપણે ચાંદનગર જવું જોઈએ. જતાં જતાં ચાર દિવસ વીતી જશે.

અડુકિયો અને દડુકિયો બા પાસે ગયા.

જઈને વાત કહી.

બા નવાઈથી કહેઃ એ ના બને. તમારા એકલાથી ચાંદનગર ન જવાય.



દડુકિયો કહેઃ ના કેમ જવાય? ચડીશું ઘોડે અને દોડાવી મૂકીશું. ચોથે દિવસે ચાંદનગરમાં.

બા કહેઃ વચમાં મોટું વન આવે છે. વનમાં છે વાઘ.

અડુકિયો કહેઃ ઓ બા! વાઘથી અમે નથી બીતા.

દડુકિયો કહેઃ અમારો ઘોડો ટીનટીન એવો ચાલાક છે ને, કે બસ. તે એવી તો છલાંગ મારે છે, કે વાઘના માથા ઉપરથી જાય પેલી પાર. વાઘ રહે તેમ અને અમે જઈએ એમ.

અડુકિયો કહેઃ અને બા, જો વાઘ સામે આવી જાય તો અમારો ટીનટીન બડી ચાલાકી કરે છે. પાછલા પગે ઊછળે અને વાઘના મોઢા ઉપર એવી લાત મારે કે વાઘનું માથું ભાંગી નાખે. હા! પછી અમારે વાઘની શી બીક?

આમ અડુકિયા-દડુકિયાએ બાને ઘણા સમજાવ્યાં પણ બાએ સાફ ના કહી દીધી.

હવે શું કરવું? અડુકિયો-દડુકિયો વીલાં મોઢાં કરીને બેઠા.

દડુકિયો બોલ્યોઃ ભાઈ! આપણે વાઘફાઘની કોઈની બીક નથી. ચાંદનગરનો મારગ આપણે જોયો છે. આપણે ચૂપચાપ ટીનટીનની પીઠ ઉપર બેસી જઈએ અને છાનામાના ઊપડી જઈએ. બા ભલેને ના કહે.

અડુકિયોએ દડુકિયાના માથા પર ટપલી મારી દીધી.

દડુકિયો કહેઃ કાં?

અડુકિયો કહેઃ કાં શું? માબાપ ના કહે તે કામ આપણાથી કરાય જ નહીં.

દડુકિયો કહેઃ તો શું કરીશું?

અડુકિયો કહેઃ આપણે પિતાજીને સમજાવીએ. તેઓ હા કહે તો જઈએ.

દડુકિયો કહેઃ હા, એ વાત સાચી.

બંને ભાઈ પિતાજી પાસે ગયા.

બધી વાત કહી.

દડુકિયો કહેઃ આ પોષીપૂનમે અમે મેનાબહેન પાસે નહીં જઈએ તો તે કશું જમશે નહીં. પાણી પણ નહીં પીએ.

અડુકિયો કહેઃ જી, પિતાજી. મેનાબહેને એમ કહેલું છે.

આવી વાત સાંભળીને પિતાજી વિચારમાં પડી ગયા.

દડુકિયો કહેઃ વિચાર ના કરશો પિતાજી! અમે કશાથી બી જઈએ એવા નથી. મારગ તો અમે જોયેલો જ છે.

પિતાજી કહેઃ એ વાત સાચી પણ એ મારગ ઘણો અઘરો છે. મારગમાં વન, પહાડ અને ઊંડા કોતરો આવે છે.

વળી પિતાજી વિચારમાં પડી ગયા. થોડીવાર પછી બોલ્યાઃ એક વાત છે. તમારી સાથે એક ચોકીદારને લઈ જાઓ. તે મારગ બતાવશે અને ઠેઠ સુધી સાથે આવશે.

દડુકિયો એકદમ તાલી પાડીને બોલી ગયોઃ જી હા પિતાજી! એ વાત સરસ.

બંને ભાઈ દોડ્યા. બા પાસે ગયા. બાને વાત કહી.

આ વાત બાને પણ ગમી. બાએ હા કહી.

ચોકીદરને તૈયાર થવા કહી દીધું. ભાથાના ડબા ભરી લીધા. પાણીની કૂપીઓ પણ તૈયાર થ, ગઈ.

જવાનો દિવસ નક્કી થઈ ગયો. તે દિવસે અડુકિયો અને દડુકિયો પોતાના વહાલા ઘોડા ટીનટીનની પીઠ ઉપર ચડી ગયા. ચોકીદાર

ઘોડે બેસીને આગળ આવી ગયો.

બા અને બાપુજીએ આશિષ આપી.


અડુકિયે-દડુકિયે બધાંને હાથ જોડીને નમસ્તે કીધા. આવજો ભાઈ, સાચવીને જજો, એવા બોલ સંભળાયા.

ચાલી નીકળ્યા.

આગળ આગળ ચોકીદારનો ઘોડો છે.

પાછળ અડુકિયા-દડુકિયાનો ટીનટીન ઊપડ્યો.

સવારમાં વહેલા ચાલેલા. બપોર થયા અને સૂરજદેવ માથા ઉપર આવી ગયા ત્યારે એક નદી આવી. તેને કિનારે મજાનું પીપળાનું ઝાડ હતું તેની છાયામાં ઘોડા ઊભા રાખ્યા, ભૂખ તો ખરેખરી લાગેલી. ભાથું ખાવા બેઠા. ધરાઈને ખાઈ લીધું. થોડી વાર આરામ કરવા બેઠા. જમી લીધા પછી એકાદ કલાક આરામ કરવો જોઈએ.



જમી લીધા પછી તરત દોડાય નહીં.

જમી લીધા પછી તરત પાણી પીવાય નહીં.

કલાક કે અડધા કલાક પછી પાણી પીસું, ચાલવું કે દોડવું તો રોગ ના થાય. ખાધેલું ઝટ પચી જાય.

આરામ કરીને ઘોડે ચડી બેઠા અને ઘોડા ચલાવી દીધા. દિવસ પૂરો થયો. થોડે દૂર એક ગામ હશે.તે ગામમાં રાતે રોકાઈ ગયા. રાત ગઈ અને સવાર થયું કે વળી ઘોડા ચલાવી દીધા. એમ કરતાં ત્રણ દિવસ અને ત્રણ રાત ગયાં. ચોથા દિવસે સાંજે એક ગામ આવી ગયું. ગામને પાદરમાં ધરમશાળા હતી. ત્યાં રોકાયા. ધરમશાળાના ચોકીદારે વાત જાણી. તેણે અડુકિયા-દડુકિયાને અને ચોકીદારને વાત કહી કેઃ તમે મોટી ભૂલ કરી છે. આ મારગે થઈને ચાંદનગર જવાતું નથી.

ચોકીદાર કહેઃ કેમ?

ધરમશાળાનો ચોકીદાર કહેઃ તમે નથી જાણતા કે આગળ મોટું વન આવે છે?



અડુકિયો કહેઃ એ બધું જાણીએ છીએ.

ધરમશાળાવાળો કહેઃ તો એ નહીં જાણતા હો કે એ વનમાં રાક્ષસ જેવા વાઘ આવી ગયા છે. જે વનને મારગે જાય તેને મારી ખાય છે.